ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

નીચે મુજબની અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 06th June, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,
........................................................................................,
ભાવનગર.

## વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 'Beat Air Pollution' વિષય પર લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને કરકોલીયા, શિહોર ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન અને ગણિત વિષયને જીલ્લાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરના લોકોને વિજ્ઞાનાભિમુખ કરવાના ઉમદા હેતુથી ૧૭ વર્ષથી વર્ષ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

જે અંતર્ગત પર્યાવરણની જાળવણી પ્રત્યે લોકોમાં જાગૃતિ હેતુ ૫ જુનને વિશ્વભરમાં વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મનુષ્ય પોતાની સુખાકારી સુખ સગવડ માટે આસપાસના પર્યાવરણને સતત હાનિ પહોંચાડી રહ્યો છે. ઘરવપરાશમાં ઉપયોગમાં લેવાતા રસાયણો, ઉદ્યોગોમાં વપરાતા રસાયણો, વાહન વ્યવહાર દ્વારા ફેલાતો ધુમાડો, ખેતી સંવર્ધનમાં ઉપયોગમાં લેવાતા વિવિધ જંતુનાશકો અને રસાયણિક કચરાનો અસામાન્ય રીતે થતો નિકાલ વગેરેને કારણે કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ જેવા જેરી વાયુઓના વધવાના કારણે પર્યાવરણમાં વસતા સજીવોને નાશ થઇ રહ્યો છે.. આ બાબતે જાગૃત્તા માટે આ વર્ષની થીમ 'Beat Air Pollution' નિર્ધારિત કરવામાં આવેલ છે. આ થીમને કેન્દ્ર સ્થાને રાખીને વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી થનાર છે.

જે અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આ વર્ષની થીમ 'Beat Air Pollution' "હવાનું પ્રદુષણ અટકાવો" વિષય પર **૫ જુન, ૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ સુધી ભાવનગર અને કરકોલીયા** ગામ, **શિહોર** ખાતે ચિત્ર સ્પર્ધા તથા માસ્ક રેલીનું આયોજન કારવામાં આવેલ. આ ચિત્ર સ્પર્ધાઓમાં કુલ ૫ (પાંચ) વિભાગોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને પસંદગી પામેલ સ્પર્ધકોને અનુક્રમે રૂ|.૩૦૦/-, રૂ|.૨૦૦/- અને રૂ|.૧૦૦ કુલ ૧૫ રોકડ ઇનામો આપીને પુરસ્કૃત કરવમાં આવેલ. તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

ઉપરોક્ત બંને કાર્યક્રમને સફળ બનાવા માટે શ્રી દસાડીયા સાહેબ (શામળદાસ આર્ટસ કોલેજ), શ્રી શૈલેશભાઈ ડાભી (કલાકેન્દ્ર, ભાવનગર), શ્રી પ્રકાશભાઈ મકવાણા (સી.આર.સી., સોનગઢ) અને તમામ ચિત્ર પ્રેમી સ્પર્ધકોનો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પરિવાર આભાર વ્યક્ત કરે છે.

6-6-19
4 PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.